જન્મદિને વધામણી

બાલકિષ્ન વી દરજી
મો. ૯૬૦૧૨ ૬૯૩૭૨

કનુભાઈ એમ પરમાર
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭

સૌથી નાની વયની સીએ અને કંપની સેક્રેટરી ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

સૌથી નાની વયે - ૨૦ વર્ષે સીએ બનેલી ગાંધીનગરની ગૌરવવંતી દીકરી દૃષ્ટિ એલ સોલંકીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી વાણિજ્ય પ્રવાહમાં તેમજ ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયામાંથી કંપની સેક્રેટરીની પરીક્ષા ફક્ત ૩ ટકા રીઝલ્ટમાં સફળતાપૂર્વક પાસ કરીને અનોખી સિદ્ધિ મેળવી છે.

ગાંધીનગરના સિનિયર પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરી ઊર્મિલભાઈ વેદની અન્ડરમાં ૧૫ માસની તાલીમ પૂર્ણ કરી ઝળહળતી સિદ્ધિ દૃષ્ટિએ પ્રાપ્ત કરી છે અને સફળતાનાં શીખરો સર કરી 'એસોસએટ કંપની સેક્રેટરી' બની ગાંધીનગર તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

બોર્ડની ધો.૧૦-૧૨ની પરીક્ષા આઠ માર્ચથી

બોર્ડની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૮.૭૫ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા : પરીક્ષા ૨૨ માર્ચ સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ચ-૨૦૧૬ની પરીક્ષાઓ ૮ માર્ચથી શરૂ થશે અને ૨૨ માર્ચના રોજ પૂર્ણ થશે. આ માટેનો સત્તાવાર કાર્યક્રમ તૈયાર કરી દેવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં જ કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. માર્ચ-૨૦૧૬થી શરૂ થતી પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૧૮.૭૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આ વખતે પ્રથમ વખત બોર્ડની પરીક્ષામાં ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષા અલગ લેવાશે અને તે માટેનો કાર્યક્રમ પણ અલગ જાહેર કરવામાં આવશે. આમ ૮ માર્ચથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા શરૂ થશે. ત્યારબાદ સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષા અને ત્યારપછી અથવા તો તેની સાથે જ ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષાનો કાર્યક્રમ નક્કી કરી થયો છે. આ કાર્યક્રમ તૈયાર થઈ ગયા બાદ હાલમાં પ્રિન્ટિંગ માટે મોકલી દેવાયો છે અને પ્રિન્ટિંગમાંથી આવ્યા બાદ તેની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવશે. બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૮ માર્ચથી શરૂ કરવામાં આવશે અને ૨૨ માર્ચ સુધી ચાલશે. આમ બોર્ડની પરીક્ષા ૧૫ દિવસ સુધી ચાલશે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે આ વખતે ૧૦.૮૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીમાં ધોરણ-૧૦માં ૧૬ હજાર વિદ્યાર્થીઓનો વધારો થયો છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૧૨ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીમાં સામાન્ય પ્રવાહમાં ૨૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઘટ્યા છે. જ્યારે સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષામાં અંદાજીત ૧.૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહેશે. ઉપરાંત સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષામાં પણ અંદાજીત ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આમ ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ બીજા અને ચોથા સેમેસ્ટરના મળી કુલ ૧૮.૭૫ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. આ વખતે માર્ચમાં માત્ર રેગ્યુલર વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપશે. ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષા અલગથી લેવાશે.

શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩ દ્વારા ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં સારું પરિણામ મળે તે હેતુથી શાળા સમય દરમ્યાન શિક્ષકો દ્વારા દરેક વિષયનું યોગ્ય માર્ગદર્શન આપવા માટેની વ્યવસ્થા બુધવારથી શરૂ કરવામાં આવી છે. શેઠ સી એમ હાઈસ્કૂલના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને શાળામાં સમયસર હાજર રહેવા આચાર્ય બચુભાઈ કે પટેલ અને સુપરવાઈઝર પ્રહલાદભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર બ્રહ્માકુમારીઝ દ્વારા સ્વઉન્નતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૬

બ્રહ્માકુમારીઝ વિદ્યાલયના આદ્યસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબાએ ૧૮ જાન્યુઆરીના રોજ પાર્થિવ શરીર છોડી આકારી ફરિશ્તા સ્વરૂપ ધારણક યું હતું. આ નિમિત્તે બ્રહ્માકુમારીઝ વિદ્યાલયના વિશ્વના ૧૪૦ દેશોમાં કાર્યરત ૮૫૦૦ સેવા કેન્દ્રો ખાતે જાન્યુઆરી માસને ગહન તપસ્યાના માસ - અવ્યક્ત માસ તરીકે ઉજવી આધ્યાત્મિક ઉન્નતિના વિશેષ કાર્યક્રમો યોજવામાં આવે છે.

આ નિમિત્તે ગાંધીનગર સેવા કેન્દ્ર દ્વારા પેથાપુર-મહુડી રોડ પર સ્થિત કેશવ પાર્ટી પ્લોટ ખાતે તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના બ્રહ્માકુમાર ભાઈ-બહેનો માટે સવિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાલયના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુથી રાજયોગી બ્રહ્માકુમાર સુરજભાઈ (પીસ ઓફ માઈન્ડ ચેનલ પર 'સમાધાન' શ્રેણીની અમૂલ્ય ભેટ ધરનાર) તથા રોજયોગીની ગીતાબેન ખાસ પધાર્યા હતા. ઉપસ્થિત ૭૦૦ જેટલા ભાઈ-બહેનોને સમય પ્રમાણે આધ્યાત્મિકતાની નવી ઊંચાઈ પ્રાપ્ત કરવા માટે અવનવી ડ્રીલનો અભ્યાસ તેમણે કરાવ્યો હતો.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫,
૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
પોઈન્ટ બ્રેક (ડી હિન્દી)
૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૦૦
પોઈન્ટ બ્રેક (ડી અંગ્રેજી)
૪.૪૫
સ્ટાર વૉર્સ (ડી અંગ્રેજી)
૭.૦૦

સ્ક્રીન-૪
દિલવાલે
૧૨.૪૫
હું તુ તુ તુ
૧૦.૦૦, ૪.૦૦, ૯.૩૦
છેલ્લો દિવસ
૬.૩૦

સ્ક્રીન-૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦, ૧૨.૪૫
દિલવાલે
૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૬
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫
દિલવાલે
૭.૦૦
છેલ્લો દિવસ
૧૦.૦૦

કોલવડા ખાતે ઈનામ વિતરણ સમારોહ યોજાયો

બાશ્રી ચંચળબા પ્રતાપસિંહજી વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર તથા કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા દ્વારા ''વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ''નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધ્યક્ષ તરીકે ઈનફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ગાંધીનગર ના ડાયરેકટર શૈલેષભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટ્રીઓ, કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો તથા શાળાના દાતાઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સૌ પ્રથમ શાળાની બાળાઓ દ્વારા પ્રભુપ્રાર્થનાથી શરૂઆત કરાઈ હતી. શાળાનાં આચાર્યા ભાવનાબેન એ. વાઘેલાએ શાબ્દિક પ્રવચન દ્વારા મહેમાનોનું હૃદયપૂર્ણ સ્વાગત કર્યું હતું તથા શાળાની જવલંત સફળતાઓ અને ઈનામો અંગે જાણકારી આપી હતી. શૈલેષભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને તેમના પ્રવચનમાં સફળતાનું રહસ્ય સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઘણીવાર શિક્ષકો કે મા-બાપ વિદ્યાર્થીઓ માટે ઊંચી અપેક્ષાએ હીટલર બની જતા હોય છે. આ પ્રસંગે અનેક વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ થયા હતા. કેજીથી ધોરણ-૧૨માં પ્રથમ ત્રણ નંબરો તથા તાલુકા-જિલ્લા-રાજ્યકક્ષા યુવક મહોત્સવ , સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિજ્ઞાનમેળા, ગાંધીવિચાર મહોત્સવ, રમતગમતમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓ ને ૯૦ જેટલા ઈનામો આપી પ્રોત્સાહીત કરાયા હતા. સમગ્ર શાળાના ૯૦૦ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક ગિરિશભાઈ પટેલે કર્યું હતું તથા આભારવિધિ શિક્ષક વિષ્ણુભાઈ ગઢવીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે પણ જહેમત ઉઠાવી હતી.

સેમેસ્ટર પદ્ધતિનાં લેખાં-જોખાં

કેમ્પસ
ધ્વનિલ પારેખ

શિક્ષણ અને રાજકારણ બંને એકબીજાથી દૂર રહેવાં જોઈએ એવાં ક્ષેત્રો છે, છતાં કડવી વાસ્તવિકતા એ છે કે એ બંને દૂર રહી શકતાં નથી. શિક્ષણ ક્ષેત્રે જે નિર્ણયો કરવામાં આવે છે એમાં રાજકારણ પ્રવેશી જાય છે અને ક્યારેક તો બંને વચ્ચેનો ભેદ પણ ભૂંસાઈ જાય છે. આવું થાય છે એ પાછળ સૌથી મોટું કારણ તો એ છે કે શિક્ષણ ક્ષેત્રે ધડમૂળથી પરિવર્તન આવે એવા નિર્ણયો કરનાર રાજકારણ સાથે સંકળાયેલા છે અને એટલે જ એમના નિર્ણયોમાંથી રાજકારણની ગંધ આવતી હોય છે. આવા નિર્ણયો સમગ્ર શિક્ષણની તાસીર બદલી નાખે છે અને આવો જ એક નિર્ણય ઉચ્ચ શિક્ષણમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવાનો હતો.

માનવ સંસાધન વિકાસ મંત્રી તરીકે કપિલ સિબ્બલ હતા ત્યારે એમણે આખા દેશમાં એક જ પદ્ધતિએ તમામ અભ્યાસક્રમો ચાલે એ હેતુથી આ પદ્ધતિ દાખલ કરી હતી. ગુજરાતમાં એ પદ્ધતિ શરૂ થયાને ચારેક વર્ષ થવાના ત્યારે એના લેખાં-જોખાં કરવાનો સમય આવી ગયો છે અને ઘણે ઠેકાણેથી આ પદ્ધતિનો વિરોધ શરૂ થયો છે. સાંભળવા મળ્યું છે એ પ્રમાણે ભાવનગર યુનિવર્સિટીએ આ પદ્ધતિ રદ કરીને ફરી વાર્ષિક પદ્ધતિ પ્રમાણે જ ભણાવવાનું શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

સેમેસ્ટર સિસ્ટમ- સત્રાંત પદ્ધતિને સતત મૂલ્યાંકન પદ્ધતિ તરીકે પણ ઓળખી શકીએ. વર્ષમાં એકવારને બદલે બે વખત મુખ્ય પરીક્ષા અને બે વખત આંતરિક પરીક્ષા આમ કુલ ચાર પરીક્ષા લેવામાં આવે. વળી, વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય તૈયાર કરવાના, મૌખિક રજૂઆત કરવાની. વર્ષમાં બે સત્ર એટલે બે વખત સ્વાધ્યાય અને બે વખત મૌખિક રજૂઆત. એટલે એક સત્રમાં બે પરીક્ષા, એક સ્વાધ્યાય, એક મૌખિક રજૂઆત - આ રીતે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવે. સત્રાંત પદ્ધતિનું જે અર્થઘટન કરવામાં આવ્યું છે તે પ્રમાણે વર્ષને બે ભાગમાં વહેંચી દેવામાં આવે, અને એમ જ અભ્યાસક્રમના પણ બે ટુકડા કરવામાં આવે. એક પ્રશ્નપત્રમાં બે કૃતિઓ હોય તો એક એક કૃતિ વહેચી દેવામાં આવે. મોટેભાગે આ રીતે જ મોટાભાગની યુનિવર્સિટીમાં બનવા પામ્યું છે.

વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન થતું હોય એવી જો કોઈ પદ્ધતિ હોય તો એ આવકારદાયક બનવી જોઈએ. વિદ્યાર્થીએ આંતરિક પરીક્ષા આપવી પડે, સત્રાંત પરીક્ષા આપવી પડે, સ્વાધ્યાય તૈયાર કરવું પડે, મૌખિક રજૂઆત માટે તૈયારી કરવી પડે. ક્યારેય ન બોલનાર વિદ્યાર્થીએ પણ બોલવું તો પડે જ અને એ રીતે પણ એની જુદી ક્ષમતા કેળવાય. એક અર્થમાં વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન થાય એવી બધી જ શક્યતા આ પદ્ધતિમાં રહેલી છે અને વિદ્યાર્થી સતત અભ્યાસ સાથે સંલગ્ન રહેતો હોય તો કોને વાંધો હોઈ શકે ? પણ વાસ્તવિકતા એ છે કે વાંધો મોટાભાગના લોકોનો છે. એનો અર્થ એ થયો કે આ પદ્ધતિ પાછળ રહેલા હેતુ ફળીભૂત થતા જોવા મળતા નથી અથવા તો જે રીતે એને અપનાવવી જોઈએ એ રીતે અપનાવી શકાઈ નથી.

વિદ્યાર્થી પોતાની મરજી મુજબ અભ્યાસ કરી શકે અને પોતાની પસંદગીના વિષયો સાથે અભ્યાસ કરી શકે એવી સગવડ પણ આ પદ્ધતિમાં રહેલી છે. ગુજરાતીનો વિદ્યાર્થી ભાષા સિવાય ઈતિહાસ કે અર્થશાસ્ત્ર પણ ભણી શકે કે સમાજશાસ્ત્રનો વિદ્યાર્થી હિન્દી કે સંસ્કૃત પણ ભણી શકે એવી તક એને મળતી હોય છે. વળી, એ એક સત્રમાં નાપાસ થાય તો પણ આગળના સત્રમાં જઈને બાકી વિષયોની પરીક્ષા આપી શકે છે. વિદ્યાથીને પોતાનું પરિણામ સુધારવાની વધારેમાં વધારે તકો પ્રાપ્ત થતી હોય છે, જેથી નાપાસ વિદ્યાર્થીનું વર્ષ ન બગડે.

આ બધા જ સારા પાસાં હોવા છતાં આ પદ્ધતિનો વિરોધ હવે તીવ્રપણે થઈ રહ્યો છે. ભાવનગર યુનિવર્સિટી ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પણ વિરોધની બૂમો સંભળાઈ રહી છે. આ પદ્ધતિની સૌથી મોટી મર્યાદા સમય છે. વાર્ષિક પદ્ધતિ હતી એ વખતે પણ કોલેજો સંદર્ભે એક વાત પ્રચલિત હતી કે કોલેજો ઝંડાથી ઝંડા એટલે કે ૧૫ ઓગષ્ટથી ૨૬ જાન્યુઆરી સુધી જ ચાલે છે. સત્રાંત પદ્ધતિ દાખલ થયા પછી પણ આ વાતમાં કઈ ઝાઝો ફેર પડ્યો નથી. ઓગષ્ટમાં કોલેજ શરૂ થાય અને નવેમ્બરમાં પહેલું સત્ર પૂરું થાય. ડિસેમ્બરમાં બીજું સત્ર શરૂ થાય અને માર્ચમાં પૂરું થાય. એક સત્રના ભાગે માંડ ચાર મહિના આવે અને એ ચાર મહિનામાં અભ્યાસક્રમ ચલાવવા ઉપરાંત બે પરીક્ષા, એક સ્વાધ્યાય અને મૌખિક રજૂઆત એટલું આટોપવાનું હોય છે. ચાર મહિના નિયમિત રીતે બધું ચાલતું હોય તો પણ કદાચ ફરિયાદને અવકાશ નથી રહેતો પણ એમાં રજાના દિવસો અને કોલેજની અન્ય પ્રવૃત્તિઓને કારણે ભણતરના દિવસો કેટલા ?

કોઈ એક અધ્યાપકે મજાકમાં કહ્યું પણ હતું કે સત્રાંત પદ્ધતિ એટલે પાઠ્યપુસ્તક ખોલીને બંધ કરવા જેટલો સમય. આ પદ્ધતિ અંતર્ગત અધ્યાપક વધારે કારકુન બની ગયો છે. એનો સમય ભણાવવા કરતા પરીક્ષામાં વધુ જતો હોય છે. આંતરિક પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થાય તો એને પાસ થવા માટે વધુ એક તક આપવાની રહે છે. એટલે કે અધ્યાપકે વધુ એક પરીક્ષા લેવાની હોય છે અને એવી કડાકૂટમાં પડવા કરતાં બધા વિદ્યાર્થીઓને પાસ કરી દેવા સારા એ ન્યાયે બધા જ વિદ્યાર્થીઓ પાસ થઈ જતા હોય છે. અધ્યાપકે સ્વાધ્યાય કાર્ય તપાસવાના હોય, મૌખિક રજૂઆતનું મૂલ્યાંકન કરવાનું હોય, એનો વધારે સમય મૂલ્યાંકનમાં જ જતો હોય છે. આ બધાની સરવાળે અસર તો શિક્ષણની ગુણવત્તા પર પડતી હોય છે, જેની સાથે હવે ભાગ્યે જ કોઈને લેવાદેવા છે. ટૂંકમાં અધ્યાપક પરીક્ષક વધારે બની ગયો છે અને વક્તા એ છે કે એ ભણાવ્યા વગર જ પરીક્ષા લીધે રાખે છે. કેટલાક અધ્યાપકોના મોઢે વારંવાર એવું સાંભળવા મળતું હોય છે કે કોર્સ પૂરો કરવાનો છે. એમને કોર્સ પૂરો કરવાની વાજબી ચિંતા સતાવતી હોય છે. પછી એ કોર્સ કેવી રીતે પૂરો થાય છે એની કોઈ ચિંતા કરતું નથી. વિદ્યાર્થી પણ બધું જ આવડતું હોય એમ બિન્દાસ પરીક્ષા આપતો હોય છે. સત્રાંત પદ્ધતિએ સમગ્ર રીતે શિક્ષણનું બિન્દાસ વલણ પ્રગટ કર્યું છે, એની ના પાડી શકાય એમ નથી.

પરીક્ષા તંત્રની જવાબદારી પણ વધી જતી હોય છે, કામગીરી પણ વધે છે અને એની સામે માણસોની અછત હમેશા રહેતી હોય છે કારણકે નવી ભરતી સહેલાઈથી થતી નથી. વિદ્યાર્થીઓને વિષય પસંદગીની વધુમાં વધુ તકો મળવી જોઈએ પણ એ પસંદગી પ્રમાણે અધ્યાપકોની સંખ્યા હોય છે કે કેમ? અધ્યાપકોની ભરતી પણ સહેલાયથી ક્યાં થાય છે?

સત્રાંત પદ્ધતિ અંતર્ગત પરીક્ષાના પ્રશ્નપત્રનું જે માળખું છે એની ચર્ચા પણ કરી લઈએ. પ્રશ્નપત્રમાં વિવિધ પ્રકારના પ્રશ્નો હોવા જોઈએ અને એમાં વૈકલ્પિક પ્રશ્નોનો સમાવેશ પણ થવો જોઈએ. અધ્યાપક બનવા માટેની નેટની પરીક્ષા માટે પણ હવે તો વૈકલ્પિક પ્રશ્નોવાળું માળખું સ્વીકારી લેવામાં આવ્યું છે. બીજા બધા વિષયો માટે કદાચ આ માળખું યોગ્ય પણ હોય પરંતુ જ્યાં ભાષા એક માપદંડ હોય ત્યાં આ માળખાથી યોગ્ય મૂલ્યાંકન થઈ શકતું નથી. એક લીટીવાળા ઉત્તરમાં કે વૈકલ્પિક ઉત્તરોમાં વિદ્યાર્થીની ભાષાનો ખ્યાલ કેવી રીતે આવી શકે? વૈકલ્પિક માળખું હોય ત્યારે વિદ્યાર્થી ઉભડક રીતે જવાબો વિકલ્પમાંથી પસંદ કરીને પણ પાસ થઈ શકે છે અને આ વાત માત્ર ભાષા સંલગ્ન વિષયોને લાગુ નથી પડતી બધા માટે લાગુ પડે છે, નેટની પરીક્ષાને પણ ! વિદ્યાર્થીનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકતું નથી, ઉભડક જવાબ આપનાર વિદ્યાર્થી પણ પાસ થઈ શકે છે એ શક્યતા નકારી શકાય એમ નથી.

વિદ્યાર્થીનું યોગ્ય અને સતત મૂલ્યાંકન થાય એ જો મુખ્ય હેતુ હોય અને એ હેતુ બર ન આવતો હોય તો એવી પદ્ધતિ વિશે પુનઃ વિચાર કરવાનો સમય આવી ગયો છે.

મકરસંક્રાન્તિ નિમિત્તે દાન-પુણ્યનો મહિમા ઘણો છે ને આ માટે મૂંગા જીવોની સેવા કરવાનું બહુધા લોકો પસંદ કરે છે. પેથાપુર ગામમાં સ્થિત પંડયા બિલ્ડીંગના ખાંચાના વાસમાં વસતાં બહેનોએ પણ મૂંગા જીવોની સેવા કરવાના હેતુથી લાડવા તૈયાર કરી શ્વાનને ખવડાવ્યા હતા.

ગાંધીનગરના જાણીતા હાસ્ય કવિ/લેખક શ્રી ભર્ગદેવ ભટ્ટના હસ્તે, ભાવનગરના જાણીતા હાસ્ય કવિ સ્વ. જર્મન પંડયાના પુસ્તક 'હાસ્યદાની'નું વિમોચન તા. ૨૬-૧૨-૨૦૧૫ના રોજ ભાવનગર ખાતે અહિચ્છત્ર સંસ્કાર કેન્દ્રમાં યોજાઈ ગયું.

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, વર્લ્ડ પીસ સેન્ટરના રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજની પ્રેરણા અન્વયે શ્રી સ્વામિનારાયણ સિધ્ધાંત સજીવન મંડળ, ગાંધીનગર દ્વારા શાકોત્સવનું આયોજન મહંત ભગતવપ્રિયદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. મહંત સ્વામીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે શાકોત્સવ પ્રસંગે સૌએ સાથે મળીને પ્રસાદ લેવાથી આમ સમાજમાં સ્નેહ, સંપ, દૃઢતાની ભાવના કેળવાય છે, સત્સંગની વૃધ્ધિ થાય છે ને મનુષ્યો વ્યસનોથી દૂર રહે એ જ ઉદેશ રહ્યો છે.